ડીસા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી જાહેર ફોર્મ ભરવા ઘસારો

ડીસા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચૂંટણી જાહેર થતા ફોર્મ ભરવા માટે ઉમેદવારોનો ઘસારો જોવા મળી રહ્યો છે. કુલ-૧૪ બેઠકો માટેની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થતા સહકારી ક્ષેત્રે ગરમાવો સર્જાયો છે. છેલ્લા ઘણા વર્ષોથી સંઘના સંચાલકો અને ચેરમેન વાઈસ ચેરમેનની વરણી બિનહરીફ થતી હતી પરંતુ આ વખતે ફોર્મ ભરવા માટે જોવા મળતો ઘસારો અને સહકારી ક્ષેત્રે જોવા મળતી હલચલને કારણે ચૂંટણી જંગ પ્રતિષ્ઠા ભર્યા બની રહેવાની સંભાવના છે. તા. ૩૦-૯-૨૦૧૩ સુધી ફોર્મ ભરવાની મુદત છે. ત્યારે અત્યાર સુધીમાં જોરાભાઈ દેસાઈ, અમૃતભાઈ દેસાઈ, કાળુભાઈ દેસાઈ, મણાભાઈ દેસાઈ અને કરશનભાઈ જોટાણાએ તેમના ટેકેદારોની ઉપસ્થિતિમાં તેમણે પોતાનું ફોર્મ ભર્યુ હતુ. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ઊંઝા શહેરમાં પોલીસની નિષ્ક્રિયતાને લીધે ગુનાખોરીનો ગ્રાફ વધતા નાગરિકોમાં ભય

ઊંઝા, તા. ૨૭

વેપારી મથક અને કડવા પાટીદારોના કુળદેવીશ્રી ઉમિયા માતાજીના સુપ્રસિધ્ધ યાત્રાધામ એવા ઊંઝા શહેરમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા વખતથી વધતી જતી ગુનાખોરી માથાભારે ખંડણીખોરો ગુનેગાર તત્વોના ત્રાસથી લોકોમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. શહેરમાં અવારનવાર કથિત ખંડણીના પ્રશ્નો અસામાજીક તત્વો, સટ્ટાખોરો દ્વારા ધમકીઓ આપી હુમલાઓ અને અપહરણના ગંભીર બનાવો બની રહ્યા છે. કેટલાક કહેવાતા સટ્ટાખોરો, બુકીઓ, બેફામ બની રહ્યા છે. અત્રે ક્રિકેટ મેચ આધારિત ધુમ સટ્ટો ખેલાય છે. ભૂતકાળમાં ખંડણી અંગે ધાકધમકીઓ, હુમલા અને અપહરણના કિસ્સા પોલીસ દફતરે નોંધાયેલા છે ત્યારે શહેરમાં આવો વધુ એક બનાવ બનતાં શહેરમાં ભારે ચકચાર જાગી છે. અગાઉ ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલ અને હાલમાં મસાલાની ચીજોનો છૂટક વેપાર કરનાર એક સ્થાનિક વ્યકિતને મોબાઈલ ફોન પર જુગારમાં ઠગાઈના મુદ્દે ત્રણ ઈસમોએ ધમકી આપી બળજબરીપૂર્વક નાણાંની માંગણી કરી નાણાં ન મળે તો ઉપાડી જવાની ધમકી આપી હોવાના આરોપસર ઊંઝા શહેરના એક નામચીન શખ્સ સહિત ત્રણ ઈસમો વિરુધ્ધ ગંભીર ફરિયાદો થવા પામી છે.

ઊંઝા ખાતે દાસજ રોડ પર શ્રધ્ધા બંગ્લોઝમાં રહેતા ગોવિંદભાઈ ઉર્ફે ગલો રામજીભાઈ બપોરના સમયે ઘરે હતા ત્યારે બે શખ્સોએ ફોન કર્યો અને તમે જુગારમાં ચિટિંગ કરેલ છે જેથી અમો હારી ગયા છીએ તેમ જણાવી જુગાર પેટેના નાણાં પરત આપવા માંગણી કરી હતી અને જો નાણાં નહી આપે તો ઉપાડી જઈશું તેવી ધાક ધમકી આપી હતી. આ અંગે ઉંઝા પોલીસે ધમો ઉર્ફે ધર્મેન્દ્ર રાયચંદભાઈ પટેલ રહે. ઊંઝા, હર્ષદ ગોગા ચૌધરી રહે. મહેસાણા તથા રવિ પંચાલ વિરુધ્ધ ફોન પર ધમકી આપી બળજબરીપૂર્વક નાણાંની માંગણી કર્યા બાબતે ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

રાજયના વરિષ્ઠ પોલીસ સત્તાધિશો ઉપરોકત કેસની તપાસ સ્ટેટ સી.આઈ.ડી. ક્રાઈમના ચુનંદા અધિકારીઓને સોંપી ઊંઝા શહેરમાં ફૂલીફાલેલી સમાજ વિરોધી બદીઓ તેમજ ગુનાખોરી પર અંકુશ આવે તે દિશામાં જરુરી પગલાં ભરે તેવું શહેરીજનો ઈચ્છે છે. વધુમાં સ્થાનિક પોલીસતંત્રમાં પણ ધરમૂળથી ફેરફારો કરવાનો સમય હવે પાકી ગયો છે.

પાલનપુરમાં પં. દિનદયાલની જન્મ જયંતિ નિમિત્તે પાલનપુરમાં ગણપતભાઈ જોષીનું પ્રવચન યોજાયું

પાલનપુર, તા. ૨૭

રાષ્ટ્ર યુગ પુરૂષ પંડિત દિનદયાલ ઉપાધ્યાયની ૯૮મી જન્મ જયંતિની ઉજવણી જિલ્લા ભાજપ કાર્યાલયના સભાખંડમાં પાલનપુર શહેર અને તાલુકાના ઉપકમે યોજાયેલ કાર્યકર્તાઓની બેઠકમાં બોલતા જિલ્લા ભાજપના વરિષ્ઠ અગ્રણી ગણપતભાઈ જોષીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે પંડિત દિનદયાલજીના દેશભરમાં વ્યાપક પરિભ્રમણ કાર્યકર્તાઓ વચ્ચે સંપર્ક તેમજ દેશની સમસ્યાઓના નિરાકરણ માટે યોગ્ય રાજકીય દષ્ટિના ચિંતનના કારણે જ આજે પૂર્વજનસંઘ અને વર્તમાન ભાજપ દેશની ક્ષિતિજ ઉપર પાર્ટી તરીકે વિદ્યમાન છે. પંડિતજીના જીવન અને કાર્યકર્તા નિર્માણ વિષય ઉપર બોલતા વધુમાં જણાવ્યું હતું કે, રાજકીય સત્તાના કુળ સમાજના છેવાડે બેઠેલા માનવી સુધી પહોંચે તે દીશામાં કાર્યકર્તાની ભૂમિકા હોવી જોઈએ.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

કાર્યક્રમના પ્રારંભમાં જિલ્લા ભાજપના મહામંત્રી ગજેન્દ્રભાઈ સકસેના, હિતેશભાઈ ચૌધરી, હરેશભાઈ જાની, હસમુખભાઈ પઢિયાર, કાન્તીલાલ કચોરિયા, અનિકેત ઠાકર, ગીરીશભાઈ પટેલ, કુસુમબેન રાવલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

સીલાસણ ગામે એક જ રાતમાં ત્રણ સ્થળો પર તસ્કરો ત્રાટક્યા

હિંમતનગર, તા. ૨૭

ભીલોડા તાલુકાના સીલાસણ ગામે એક જ રાત્રીમાં ત્રણ સ્થળે તાળા તૂટ્યા અને એક મોટર સાયકલની કોઈ ચોર ઈસમો ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ મામલે ભીલોડા પોલીસે ગુનો નોંધી તસ્કર ટોળકીની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભીલોડા તાલુકાના સીલાસણ ગામે ગત મોડી રાત્રે કેટલાક ચોર ઈસમો ત્રાટક્યા હતા અને અંધારાનો લાભ લઈ એક જ રાત્રિમાં દૂધ મંડળી, કરિયાણાની દુકાન અને લાયબ્રેરીના તાળા તોડ્યા હતા અને બાદમાં જીવાભાઈ તવારના ઘર આગળ પાર્ક કરેલ હિરોહોન્ડા પલ્સર બાઈક નં. જીજે-૯સી.ઈ. ૩૫૦૫ કિ. રૂ. ૧૫,૦૦૦ લઈ ફરાર થઈ ગયા હતા. આ મામલે ભીલોડા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના સીલાસણ ગામમાં તસ્કરો ગત રાત્રે ત્રાટક્યા હતા.સીલાસણ ગામની ધી સીલાસણ દુધ ઉત્પાદક સેવા સહકારી મંડળી લી.,સીલાસણ સાર્વજનીક લાયબ્રેરી તેમજ કાલીદાસ પટેલની કરીયાણાની દુકાનના તાળા તોડી ચોરી કરવાનો પ્રયાસ નિષ્ફળ નીવડતાં સીલાસણ ગામના રહેવાસી શીવાભાઈ કોદરભાઈ તરારના ઘર આગળ પાર્ક કરેલ હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ બાઈક નંબર. જી.જે.૯. સી.ઈ.૩૫૦૫ જેની કિંમત રૂા.૧૫,૦૦૦/-નું બાઈક ચોરી તસ્કરો પલાયન થઈ ગયા હતા.સીલાસણ ગામના રહેવાસી બનાભાઈ ગોકળભાઈ પટેલએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો દર્જ કરી આઈ.પી.સી.કલમ ૪૫૭, ૩૮૦, ૩૭૯ મુજબ ગુનો નોંધી પોલીસ ધ્વારા અજાણ્યા તસ્કરોની શોધખોળના ચક્રો ગતિમાન કરાયા હોવાનું જાણવા મળેલ છે.ભિલોડા તાલુકામાં બાઈકો ચોરતી ટોળકીઓ સક્રીય હોવાનું લોકમુખે ચર્ચાય છે.અવાર-નવાર હાર્દસમા વિસ્તારોમાંથી બાઈકો આંખના પલકારામાંચોરાઈ જતી હોવાના કારણે પ્રજાજનો ભયભીત બન્યા છે.ભિલોડા પોલીસ ધ્વારા નાઈટ પેટ્રોલીંગ વધારવામાં આવે તો ચોરીઓના બનાવો અટકી શકે તેમ છે.

હરસોલ નજીક મેશ્વો નદીમાંથી ભેંસો કાઢવા જતા યુવાનનું મોત

તાજપુર, તા. ૨૭

તલોદ તાલુકામાં આવેલ પ્રતાજીના મુવાડા ગામનો ૧૯ વર્ષીય યુવાન મેશ્વો નદીમાંથી પોતાની ભેંસો કાઢવા જતા છીછરા પાણીવાળા ખાડામાં પડી જતા ડુબી જવાથી યુવાનનું કરૂણ મોત થવા પામ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકાના પ્રતાજીના મુવાડા ગામનો ૧૯ વર્ષીય ઈન્દ્રસિંહ ઝાલા નામનો યુવાન આજે સવારે પોતાના ઘરેથી પોતાની ચાર ભેંસો લઈ મેશ્વો નદી પાર કરી સામે હરસોલ તરફના સીમાડે ગયો હતો અને પોતાના ઘર તરફ આશરે ત્રણ વાગ્યાના સુમારે પરત ફરતા નદીના વહેણની જગ્યા બદલાઈ ગઈ હતી જેથી યુવાનની ચાર ભેંસો પાણીમાં ફસાઈ ગઈ હતી અને યુવાન તેને બચાવવા પાણીમાં ગયો હતો દરમિયાન નદીના વહેણમાં છીછરા પાણીવાળા ખાડામાં યુવાન પોતેજ ફસાઈ ગયો અને પાણીના ખાડામાંથી બહાર નિકળવાનો અનેક પ્રયત્ન કર્યા પણ યુવાન નિકળી ના શકતા આખરે તે નદીના પાણીમાં ડુબી ગયો હતો. અને મોતને ભેટ્યો હતો. આ મામલે લોકોને જાણ થતા સરકાર અને પોલીસ તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યું હતું. ફાયર ફાયટરોની મદદથી આશરે ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ફસાયેલ યુવાનના મૃતદેહને બહાર કઢાયો હતો. અને પોલીસ યુવાનના મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મામાં અકસ્માતમાં બે ના મોત

ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મામાં બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં બે યુવાનોના મોત નિપજ્યા હતા.

ખેડબ્રહ્માના ઉમીયાનગર સોસાયટી પાસે બુધવાર સાંજના ૬.૦૦ કલાકે ગમખ્વાર અકસ્માત થતા બે યુવાનો મોતને ભેટ્યા હતા.

વડાલી તરફથી આવતી આઈસર ટ્રક નં. જીજે-૯-ઝેડ-૨૬૫૬ અને ખેડબ્રહ્માથી વડાલી તરફ જઈ રહેલી બાઈક નં. જી.જે.૯-સીએફ-૫૩૩ વચ્ચે જોરદાર ટક્કર થતાં બાઈક સવાર ઈશ્વરભાઈ કાન્તીભાઈ ઠાકરડા (ઉં.વ.૩૫) રહે. મોરડ, તા. વડાલી અને રાવજીભાઈ નાનજીભાઈ ખેર (ઉં.વ.૩૭) રહે. આંબલી-ખેડવા બોર્ડરનું સ્થળ ઉપર જ મોત થયું હતું.

નૈરોબી અટેક : માર્યા ગયેલાઓમાં ૫૦ ભારતીયોનો સમાવેશ

અમદાવાદ,તા. ૨૭

નૈરોબીમાં તાજેતરમાંજ કરાયેલા ભીષણ આતંકવાદી હુમલામાં મોતનો આંકડો વધીને ૧૩૦ ઉપર પહોંચી ગયો છે જ્યારે માર્યા ગયેલા ભારતીય લોકોની સંખ્યા ૫૦થી વધારે નોંધાઈ છે. ૨૨ ગુજરાતી લોકોના અંતિમ સંસ્કાર કરવામાં આવી ચૂક્યા છે. ઘણા મૃતદેહો હજુ પણ કાટમાળ હેઠળ હોવાનુંજાણવા મળી રહ્યું છે. વિશ્વસનીય સૂત્રોએ એક અગ્રણી અંગ્રેજી અખબારને ફોન પર કહ્યું હતું કે નૈરોબી મોલમાં આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ગુજરાતી લોકોની સંખ્યા ૩૫ જેટલી નોંધાઈ છે. દરમિયાન કાટમાળ હેઠળથી અન્યોને કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે. અંધાધૂધ ગોળીબાર આતંકવાદીઓએ શરૂ કર્યો ત્યારે મોલમાં દુકાન માલિક રહેલા ગુજરાતી સમુદાયના લોકો પણ સામેલ હતા. ૭૦ ઈજાગ્રસ્તો પૈકી પણ ઘણા ભારતીયોને સારવાર આપવામાં આવી રહી છે. કાટમાળ હેઠળથી હજુ કેટલાક મૃતકોનીકળી શકે છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. વિશા ઓસ્વાલ સમાજના જાણકાર કહેવું છે કે ઘણા બાળકો લાપત્તા થયેલા છે. પોલીસ સમક્ષ આ સંબંધમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જ્યારે હુમલો કરાયો ત્યારે શોપીંગ મોલમાં રહેલા ૭૧ લોકોની ભાળ હજુ સુધી મળી શકી નથી.

જીવો જીવસ્ય ભોજનમ્

ભાદરવા માસના ઓતરા-ચિતરાના તડકા અને બફારા બાદ મેઘરાજા પાછોતરા વરસાદની સવારી લઈને વસુંધરાને હરિયાળી ચાદર ઓઢાડી વાતાવરણને આહલાદક બનાવી રહ્યા છે ત્યારે પ્રકૃતિમાં વિચરતા જીવોની એક રસપ્રદ કહાણી લક્ષ્મીપુરા ગામની સીમના એક ખેતરમાં જોવા મળી. જેમાં બે, છ થી સાત ફૂટના કાળોતરા નાગ જમીનથી ઉંચા થઈ એક બીજામાં ઓતપ્રોત થઈ ઝગડી રહ્યા હતા ત્યારે એક નાગને બીજા નાગે મારી નાખ્યો અને તેમ છતાં સંતોષ ન થતાં આખે આખા નાગને ઓહિયા કરી જતાં લોકોની વિશાળ જનમેદની આ કુદરતની કરામત ને જોવા ટોળે વળ્યા હતા. હળાહળ કળિયુગમાં માનવો જ લડે છે, ઝગડે છે, પ્રેમ કરે છે તેવું નથી કયારેક પ્રાણીઓ પણ આ પંથે વિહરે છે તેનું તાદેશ્ય ઉદાહરણ જોવા મળ્યું. (તસવીર : વિઠ્ઠલભાઈ ચુથાર)

મહેસાણા જિલ્લાના લાંઘણજ ખાતે ગ્રામહાટ, પાણીની ટાંકી અને પાઈપ લાઈનું લોકાર્પણ

મહેસાણા, તા. ૨૭

મહેસાણા જિલ્લાના લાંઘણજ ખાતે નાણાં અને આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે ગ્રામહાટ, ઉંચી પાણીની ટાંકી અને નવીન પાઈપલાઈનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાંસદ જયશ્રીબેન પટેલ, અસારવાના ધારાસભ્ય આર.એમ. પટેલ, પૂર્વ મંત્રી ખોડાભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એચ.એન. ઠક્કર, તાલુકા પંચાયત પ્રમુખ દશરથભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લાંઘણજ ઈન્દિરાનગર ખાતે નવીન ઉંચી ટાંકી ૧૨ મીટર ઊંચાઈ અને ૩૦,૦૦૦ લિટરની ક્ષમતા ધરાવતી અંદાજિત ૮,૯૧,૨૩૦ રૂપિયામાં તૈયાર થયેલ છે. આ ઉપરાંત ૯૧ એમ.એમ. ૧૫૦૦ મીટર પાઈપલાઈન ૨,૫૫,૫૫૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. લાંઘણજ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની એસ.જી.એસ.વાય. યોજના હેઠળ ૫ દુકાનોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. જેમાં સદગુરૂ સખી મંડળ પર્સ થેલા, મોબાઈલ કવર, વેચીને પ્રગતિ સખી મંડળ કટલીનો સામાન વેચીને તેમજ જય મહાકાળી સખી મંડળ સાડીઓ વેચીને આજીવિકા મેળવી રહ્યા છે.

આ પ્રસંગે નાણાં અને આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીની દિર્ઘદૃષ્ટી અને પારદર્શક વહીવટના પગલેઆજેરાજયમાંપ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ મળતી થઈ. લાંઘણજ સામુહીક આરોગ્ય કેન્દ્રને મોટું કરવાની વિચારણા ચાલી રહી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને અભ્યાસ કરી શકે તે માટે શાળાઓને ગ્રાન્ટેબલ કરવાનું અભિયાન પણ હાથ ધર્યું છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

પાટણ

જીરૂ	૨૦૦૦	૨૩૩૮
વરીયાળી	૭૫૦	૧૪૬૩
રાયડો	૫૦૦	૬૪૧
ઘઉં	૩૦૪	૩૭૦
જુવાર	૨૮૫	૩૦૭
બાજરી	૨૧૦	૨૮૫
ગવાર	૧૦૦૦	૧૨૦૧
બંટી	૨૫૦	૩૩૬
મગ	૮૨૧	૯૨૫

તલોદ

એરંડા	૬૯૬	૭૦૫
ઘઉં	૩૦૮	૩૪૮
બાજરી	૨૨૦	૨૭૧
ગવાર	૧૧૦૦	૧૧૯૧
ડાંગર જયા	૨૫૦	૨૮૦

સલાલ

મગફળી	૫૨૫	૬૬૦
એરંડા	૬૬૫	૬૮૦
ઘઉં	૩૦૫	૩૪૦
બાજરી	૨૧૦	૨૪૫
ડાંગર જયા	૨૭૦	૩૨૦

ધનસુરા

એરંડા	૬૯૦	૭૦૦
મકાઈ	૨૯૦	૩૧૦
ઘઉં	૩૧૦	૩૪૦
બાજરી	૨૩૦	૨૬૦
ગવાર	૧૦૦૦	૧૨૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૧૪	૩૨૫
ઘઉં ૪૯૬	૩૨૦	૩૪૦
મકાઈ	૨૮૮	૨૯૫
એરંડા	૬૯૦	૭૦૦

મોડાસા

એરંડા	૬૮૦	૬૯૪
બાજરી	૨૪૦	૨૬૧
મકાઈ	૨૫૦	૩૦૯
ગવાર	૧૦૦૦	૧૨૪૫
ઘઉં	૩૦૫	૩૩૦

તલોદ

બાજરી	૨૩૦	૨૪૫
મકાઈ	૨૪૦	૨૭૦
ઘઉં	૩૦૫	૩૨૫

દહેગામ

બાજરી	૨૩૯	૨૫૭
ઘઉં	૩૨૦	૨૮૫
એરંડા	૭૦૪	૭૦૫
ગવાર	૧૨૦૦	૧૩૫૦
મકાઈ	૨૪૦	૨૯૦
તુવેર	૨૨૬	૬૧૫
જુવાર	૨૫૦	૩૫૦
રાયડો	૫૪૦	૫૯૦

રખિયાલ

બાજરી	૨૩૫	૨૫૦
ઘઉં	૩૧૦	૩૨૫
ડાંગર	૨૪૦	૨૮૦
એરંડા	૭૦૦	૭૦૨
ગવાર	૧૧૫૦	૧૩૦૦
મકાઈ	૨૨૦	૨૮૦
તુવેર	૫૨૦	૬૦૫
જુવાર	૨૪૦	૩૪૦
રાયડો	૫૩૦	૫૮૦

હિંમતનગર

મગફળી	૪૫૦	૫૦૦
એરંડા	૬૯૩	૭૧૧
ઘઉં	૩૧૫	૩૭૫
બાજરી	૨૨૦	૨૪૮
મકાઈ	૨૮૦	૩૧૦
ગવાર	૯૦૦	૧૧૮૧

ઈડર

ઘઉં	૩૧૫	૩૪૫
મકાઈ	૩૧૦	૩૪૫
એરંડા	૭૦૦	૭૦૮
બાજરી	૨૫૦	૨૬૬
મગફળી	૫૯૦	૬૬૦
તલ	૧૨૦૦	૧૪૦૦
ગવાર	૧૦૫૦	૧૧૨૨

કડી

ઘઉં	૩૦૦	૩૩૯
ડાંગર	૨૪૦	૩૧૦
બાજરી	૨૧૦	૨૨૦
ગવાર	૯૫૦	૧૧૮૦
એરંડા	૬૯૫	૭૦૫
રાયડો	૫૮૧	૫૯૧
જીરૂ	૨૧૬૦	૨૪૨૧

પાલનપુર

ઘઉં	૩૧૨	૪૨૬
બાજરી	૨૧૩	૨૫૮
એરંડા	૭૦૦	૭૧૫
રાયડો	૬૧૦	૬૧૧
રાજગરો	૧૧૫૫	૧૨૩૦
મગફળી	૬૦૦	૭૫૫
ગવાર	૭૦૦	૧૧૭૦

સિદ્ધપુર

મગ	૬૦૦	૬૧૫
અડદ	૭૨૦	-
રાયડો	૫૫૬	૬૧૯
એરંડા	૬૯૦	૭૧૬
ગવાર	૯૨૫	૧૧૯૭
ઘઉં	૨૯૮	૩૭૪
બાજરી	૨૦૦	૨૭૦
જુવાર	૨૨૧	-

ઉંઝા

જીરૂ	૧૯૫૦	૨૭૨૨
વરીયાળી	૮૨૧	૨૨૯૦
ઈસબગુલ	૧૦૯૧	૧૪૪૦
સરસવ	૬૩૫	-
રાયડો	૫૭૬	૬૬૧
તલ	૧૯૫૦	૨૦૦૧

વિસનગર

ઘઉં	૩૦૫	૩૭૨
બાજરી	૨૦૦	૨૬૦
રાયડો	૫૭૦	૬૨૧
એરંડા	૬૮૦	૭૨૦
ચોરા	૬૦૦	૧૦૨૦
કપાસ	૯૦૦	૧૧૦૧
જુવાર	૩૧૦	૪૦૦
મગ	૯૦૦	૧૧૮૦
ગવાર	૯૦૦	૧૨૫૦
રજકાના બી	૧૫૦૦	૨૬૯૧

મહેસાણા

ઘઉં	૩૦૮	૩૫૭
રાયડો	૫૩૫	૬૦૪
બાજરી	૨૦૫	૨૬૮
એરંડા	૬૮૮	૭૦૦
અજમો	૬૩૦	-
ગવાર	૮૧૧	-
બંટી	૨૯૦	-
રજકાના બી	૨૦૫૦	૨૮૫૦

અંબાલીયાસણ

ઘઉં	૩૧૫	૩૩૫
એરંડા	૭૦૦	૭૦૩

જોટાણ

એરંડા	૬૯૮	૭૦૩
બાજરી	૨૪૫	-
ગવાર	૯૫૧	૧૦૬૧

ઢારીજ

રાયડો	૩૫૯	૬૧૧
એરંડા	૬૮૦	૭૦૪
બાજરી	૨૦૦	૨૪૬
ઘઉં	૩૦૧	૩૬૦
ગવાર	૯૬૫	૧૨૦૦
અડદ	૭૦૧	-
મગ	૯૮૨	૧૦૩૫
ચણા	૪૬૫	૬૩૬
જીરૂ	૨૦૦૦	૨૪૨૦
સાસટો	૨૫૦	૩૨૪
સવા	૬૪૦	૬૬૦
બંટી	૨૮૨	૩૦૨
મેથી	૪૯૨	૫૩૬

કલોલ

ઘઉં	૩૦૦	૩૩૫
એરંડા	૬૯૭	૭૦૧
બાજરી	૨૨૭	૨૭૦
રાયડો	૫૯૧	-
ડાંગર	૨૭૦	૩૩૬
ગવાર	૧૨૦૦	૧૨૩૫
જુવાર	૨૮૫	૩૧૬

બાયડ

એરંડા	૬૬૫	૬૮૫
ઘઉં	૨૮૦	૩૧૫
બાજરી	૨૨૫	૨૪૫
મકાઈ	૨૭૦	૩૦૫
ગવાર	૮૫૦	૧૨૦૦

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન